## અમદાવાદમાં ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં શ્રમિકોના પગાર અને બોનસની ચુકવણી

***15/4/2426 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદમાં આવેલ ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં કામ કરતાં શ્રમિકોને દિવાળી સમયે પગાર અને બોનસ ન આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) | ૦૧ |
| (૨) | મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | • સદર ફરિયાદ શ્રી હિરેનભાઇ ડી. પંચાલને નંદન એક્ઝિમ સંસ્થામાંથી છૂટા કરતાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ હેઠળ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે નામદાર મજુર અદાલત અમદાવાદમાં કેસ દાખલ કરેલ જેના અનુસંધાને નામદાર મજુર અદાલતે તેઓના હુકમમાં અરજદારશ્રી હિરેનભાઇ ડી. પંચાલને સંસ્થામાંથી છૂટા કરવાનું સામાવાળાનું પગલું ગેરકાયદેસર ઠરાવી, અરજદારશ્રીને તેની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાને બદલે ફૂલ એન્ડ ફાઇનલ સેટલેમેન્ટ પેટે લમસમ વળતર રૂા.૨,૦૦,૦૦૦/– (રૂપિયા બે લાખ પુરા) સંસ્થાને એવોર્ડ પ્રસિદ્ધ થયેથી ૯૦ દિવસમાં અરજદારશ્રીને ચૂકવી આપવાનો તેમજ અરજી ખર્ચના રૂા. ૧૦૦૦/– અલગથી ચુકવી આપવા સંસ્થાને હુકમ કરવામાં આવેલ.<br>• સદરહુ સંસ્થા બંધ થઇ ગયેલ હોવાથી અરજદારશ્રીને વળતર ન ચૂકવાતા, અરજદારશ્રી હિરેનભાઇ ડી. પંચાલે તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ ઓમ શક્તિ લેબર એશોસિયેશન મારફત નાયબ શ્રમ આયુક્ત કચેરી, અમદાવાદ ખાતે ફરિયાદ દાખલ કરેલ. નામદાર લેબર કોર્ટ દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૩ના રોજ રેવન્યુ રાહે રૂા.૨,૦૧,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ એક હજાર પુરા) રિકવરી સર્ટીફિકેટ ઇશ્યૂ કરવામાં આવેલ છે અને તે અનુસંધાને રેવન્યુ રાહે રિકવરીની કાર્યવાહી કલેકટર કચેરી, અમદાવાદ ખાતે ચાલી રહેલ છે. |
| (૩) | ઉકત સ્થિતિએ નિયત થયેલ જોગવાઇઓ અને કાયદાના ભંગ બદલ જવાબદાર ફેકટરી માલિક સામે શા પગલાં લીધાં? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------------------